सत्यमेव जयते

**પાટણના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ.**

**ફોજદારી કેસ નં.૬૧/૨૦૨૬**
**આંક–૦૭**

**ફરીયાદી :–** ગુજરાત સરકાર વતી, કુ. એમ.એમ. કથીરીયા
સરકારી શ્રમ અધિકારી અને બાળ અને તરૂણ શ્રમયોગી
(પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ અને ગુજરાત
નિયમો, ૧૯૮૧ અન્વયેના નિરીક્ષક, પાટણ (ઉ.વ.૩૦)
બ્લોક નં.ર, બીજો માળ, યુનિવર્સિટી રોડ, જિલ્લા સેવા સદન,
પાટણ, તા.જી.પાટણ

**વિરૂધ્ધ**

**આરોપી:–** શ્રી મયંકકુમાર પ્રવિણચંદ્ર ગાંધી
રળીયાત નગર સોસાયટી,બસ સ્ટેન્ડ પાસે,
તા.જી.પાટણ.

---

**ગુનો :– લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ની કલમ– ૨૨ એ મુજબ**

---

## –:: <u>ઠ રા વ</u> ::–

**(૧)** ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે::–

તા. ૧૪–૧૦–૨૦૨૫ ના રોજફરીયાદીએ આરોપીની સંસ્થાની તપાસ કરતાં આરોપીની સંસ્થાએ ૧૯૬૧ ના ગુજરાત લઘુતમ વેતન નિયમોના નિયમો (૧) તપાસ સમયે માંગવા છતા હાજરીપત્રક, પગારપત્રક અને ઓવરટાઇમ રજીસ્ટર રજુ નહી કરી નિયમ ૨૬(ડી) નો તેમજ (૨) શ્રમયોગીઓને પગાર ચીઠઠી નહી આપી નિયમ ૨૬(૨) નો ભંગ કરી લઘુત્તમ વેતન અધીનીયમ ૧૯૪૮ની કલમ–૨૨ એ અનુસાર શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

**(૨)** આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ફરીયાદ તથા તેની સાથેના કાગળો ની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ છે તેમજ આરોપીએ મૌખીક રજુઆત કરતાં જણાવેલ કે, તેમની આર્થીક પરીસ્થિતી સધ્ધર નથી તેમજ તેમની આ પ્રથમ ભુલ છે હવે પછી આવી ભુલ નહી થાય તેવી ખાત્રી આપી કાયદામાં દર્શાવેલ મહત્તમ દંડ કરવાને બદલે ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે આરોપી ગુનો કબૂલ કરતો હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ .

**(૩)** આરોપી સામે લઘુત્તમ વેતન અધીનીયમ ૧૯૪૮ની કલમ–૨૨ એ મુજબનાં ગુન્હાનુ તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે

લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તેમજ આરોપીની મૌખીક રજુઆત મુજબ તેમની આર્થીક પરીસ્થિતી સધ્ધર ન હોઈ તેમજ આ તેમનો પ્રથમ ગુનો હોઈ તેમજ ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપતા હોઈ આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ દંડના બદલે ઓછો દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેવું આ કોર્ટ માને છે. જેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને લધુત્તમ વેતન અધીનીયમ ૧૯૪૮ ની સુધારેલી કલમ –૨૨ એ મુજબના ગુના માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૨૭૫ અન્વયે દોષીત ઠરાવી, આરોપીને રૂા.૫,૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજારનો દંડ અને જો દંડની રકમ ભરપાઈ કરવામાં આરોપી નિષ્ફળ જાય તો દિન –૩૦ (ત્રીસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૪મી,** માહે : **માર્ચ,** સને : **૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ **:** પાટણ
તારીખ **:** ૧૪/૦૩/૨૦૨૬

**(નૌશાદ વી. પઠાણ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**,**
પાટણ
**(GJ–01413)**

<u>( S.I.PRAJAPATI )</u>